e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 121
Sept. 28, 2007

## પશ્ચિમ ઝોન (રાંદેર), સુરત મહાનગર સેવા સદનની કામગીરી

સુરત મહાનગર સેવા સદન પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૦ (રાંદેર) જે સરકારશ્રી તરફથી તા.૧૩/૦૮/૦૭ થી પ્રિલીમીનરી સ્કીમ તરીકે મંજુરી મળેલ છે. સદર સ્કીમમાં જહાંગીરપુરા પોલિસ ચોકી થી રાંદેર ગામ હનુમાન ટેકરી જતાં ૨૪.૩૮ મી. નો રસ્તો સૂચવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## એચ.આઈ.વી./એઈડસ રોગ અટકાવવા તથા લોકજાગૃતિ અંગે યોજાયેલ સેમીનાર

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકા તથા ઈન્ડીયન મેડીકલ એસોસીએશન (સુરત શાખા) ના સંયુકત ઉપક્રમે ગુજરાત સરકારના પ્રિન્સીપલ સેક્રેટરી ડો.અમરજીતસિંગના અઘ્યક્ષસ્થાને તથા સુરત શહેરના એલોપેથીક ખાનગી તબીબો સાથે સરકારશ્રીની પોલીસી ઘ્યાને લઈ શહેરના એચ.આઈ.વી./એઈડસ રોગ અટકાવવા તથા લોકજાગૃતિ અંગે લેવા જોગ પગલાઓની ચર્ચા વિચારણા કરવાનું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગતં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૨૧/૦૯/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન અર્બન હેલ્થ સેન્ટર દ્વારા સુરજ સિનેમાની સામે, ચિડીયાકૂઈના વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર રૂા.૧૦૭૩.૪૦ લાખના ખર્ચે સાકારિત ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ

વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર રૂા.૧૦૭૩.૪૦ લાખના ખર્ચે સાકારિત થનાર ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે તા.૨૪–૦૯–૨૦૦૭નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે કરવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત નિર્મળ સુરત" અંતર્ગત રાંદેરઝોન દ્વારા અડાજણ પાટિયા વોર્ડ નહેરૂનગર આંગણવાડી ખાતે મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના શહેર વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા શહેરી વિસ્તારમાં ચોમાસાની ૠતુ દરમ્યાન જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે અને રોગચાળો ન ફેલાય તે ઘ્યાને લઈ જુદા જુદા વિસ્તારોમાં મેડીકલ કેમ્પ કરવાની સૂચના આપવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની શ્રી ગણેશજીની વિસર્જનની કામગીરી

અત્રેના પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં અનંત ચૌદસના પવિત્ર દિને શ્રી ગણેશજીની વિસર્જન પ્રક્રિયા ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. વરાછાના અનેકવિધ વિસ્તારમાં અનેક ધાર્મિક સંગઠનો દ્વારા સ્થાપિતશ્રી ગણેશ ભગવાનને લોકો દ્વારા ભવ્યરીતે ભકિતભાવપૂર્વક વિદાય આપવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા કેન્દ્ર સરકારશ્રીની JNNURM યોજના અંતર્ગત રૂા.૬૪.૫૭ કરોડના ખર્ચે ૪૦૩૨ આવાસો બનાવવાના પ્રોજેકટનું પ્રેઝન્ટેશન

સુરત શહેરને વધુ ખુબસુરત બનાવવાની સાથે શહેરની વિવિધ ઝુંપડપટ્ટીઓમાં વસતા પરિવારોને તમામ બાહ્ય સુવિધાયુકત મકાનો આપી શકાય તથા સુરત શહેરને "સ્લમ ફ્રી સીટી" બનાવવાના ભાગરૂપે સુરત મહાનગર સેવા સદન દ્વારા કેન્દ્ર સરકારશ્રીની **JNNURM** યોજનાના સબમીશન **BSUP** અંતર્ગત શહેરી ગરીબો માટે આવસો તથા જે તે શહેરમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "આંતરરાષ્ટ્રિય અહિંસા દિવસ" વકતૃત્વ સ્પર્ધા (માઘ્યમિક વિભાગ)

તા.૨ જી ઓકટોબર ૨૦૦૭, ના રોજ વિશ્વમાં "આંતરરાષ્ટ્રિય અહિંસા દિવસ" તરીકેની ઉજવણીના ઉપલક્ષમાં સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ તરફથી માઘ્યમિક વિભાગની વકતૃત્વ સ્પર્ધા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાષ્ટ્રીય કક્ષાનાં IUSP-2007 વર્કશોપ તથા પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાના સ્ટોલની મુલાકાતે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગના મા.મંત્રી શ્રી જયપાલ રેડ્ડી



ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય તથા ઈન્ડિયા અર્બન સ્પેશ ફાઉન્ડેશનનાં સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાનાં IUSP-2007 વર્કશોપ તથા પ્રદર્શનનું એન. એસ. ઈ. ગ્રાઉન્ડ, ગોરેગાંવ, મુંબઈ ખાતે આયોજન કરવામાં આવેલ. તા.૨૭–૦૯–૨૦૦૭ થી તા.૩૦–૦૯–૨૦૦૭ સુધી ચાલનાર સદરહુ કાર્યક્રમમાં શહેરી વિકાસ અમલીકરણને લગતા વિવિધ વિષયો ઉપર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન સહીતના વર્કશોપ ઉપરાંત વઘદગચો પ્રોજેકટ હેઠળ આવરી લેવાયેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર), સુરત મહાનગર સેવા સદનની કામગીરી

સુરત મહાનગર સેવા સદન પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૦ (રાંદેર) જે સરકારશ્રી તરફથી તા.૧૩/૦૮/૦૭ થી પ્રિલીમીનરી સ્કીમ તરીકે મંજુરી મળેલ છે. સદર સ્કીમમાં જહાંગીરપુરા પોલિસ ચોકી થી રાંદેર ગામ હનુમાન ટેકરી જતાં ૨૪.૩૮ મી. નો રસ્તો સૂચવેલ છે. જે ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

ઉપરોકત ટી.પી.સ્કીમ માં ૨૪.૩૮ મી.ના રસ્તાની અસરમાં આવતા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કંપાઉન્ડ વોલ, ઓટલા તેમજ ટેમ્પરરી સ્ટ્રકચર/કેબીન દુર કરી આશરે ૨૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનો રસ્તાના હેતુ માટે કબ્જો મેળવવામાં આવેલ. તથા સદર કબ્જા મેળવેલ રસ્તા પૈકીની જગ્યામાં તાકીદે રસ્તો વાઈડનીંગ કરવાની કામગીરી ઝોનના રસ્તા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આમ, સુરત–ઓલપાડ થી જહાંગીરપુરા પોલીસ ચોકી થઈ રાંદેર ગામ હનુમાન ટેકરી તરફ જતો રસ્તો ટૂંક સમયમાં પુરેપુરી પહોળાઈમાં બનાવવામાં આવશે. જેનો લાભ સ્થાનિક તેમજ આજુ બાજુની વિસ્તારની સોસાયટી તેમજ રાંદેર ગામ વિસ્તારને થશે.

વધુમાં, બાકી રહેલ ટી.પી.રસ્તાની અસરમાં આવતી મિલ્કતોના કબ્જા મેળવવાની કામગીરી અવિરત ચાલુ રાખવામાં આવશે.

ઉપરોકત તમામ કામગીરી ઝોનલ ચીફશ્રીની સૂચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ સ્ટાફ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## એચ.આઈ.વી./એઈડસ રોગ અટકાવવા તથા લોકજાગૃતિ અંગે યોજાયેલ સેમીનાર

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકા તથા ઈન્ડિીયન મેડીકલ એસોસીએશન (સુરત શાખા) ના સંયુકત ઉપક્રમે ગુજરાત સરકારના પ્રિન્સીપલ સેક્રેટરી ડો.અમરજીતસિંગના અધ્યક્ષસ્થાને તથા સુરત શહેરના એલોપેથીક ખાનગી તબીબો સાથે સરકારશ્રીની પોલીસી ધ્યાને લઈ શહેરના એચ.આઈ.વી./એઈડસ રોગ અટકાવવા તથા લોકજાગૃતિ અંગે લેવા જોગ પગલાઓની ચર્ચા વિચારણા કરવાનું આગામી તા.૨૨/૦૯/૦૭, શનિવારના દિને રાત્રે ૦૯ : ૦૦ કલાકે મહાવીર કાર્ડિયાક હોસ્પિટલ ઓડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવેલ. જી.ના એડીશનલ ડિરેકટર ડો.ડી.એમ. સકસેના ઉપરાંત મ.ન.સે.સ.ના ડે. કમિશનર(હે અને હો) ડો.આઈ.સી.પટેલ અને આ.એમ.એ.ના પ્રમુખ ડો. ચંદ્રેશ જરદોશ આ ચર્ચામાં ભાગ લીધેલ.

ઈન્ડિીયન મેડકલ એસોસીએશન, સુરતના પ્રમુખ ડો.ચંદ્રેશ જરદોશ તથા મંત્રી ડો.નરેન્દ્ર જરીવાલા, એફ.પી.એ. ના પ્રમુખ ડો.ભુપેશ ચાવડા, એસોસીએશનના તમામ રસ ધરાવતા તબીબોને ભાગ લેવા સમયસર હાજર રહેવા વિનંતી કરેલ છે.

TOP

# "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગતં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૨૧/૦૯/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન અર્બન હેલ્થ સેન્ટર દ્વારા સુરજ સિનેમાની સામે, ચિડીયાકૂઈના વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડીકલ કેમ્પના કાર્યક્રમનું શુભ ઉદઘાટન મ્યુ.સભ્ય શ્રીમતી હીનાબેન કાબરાવાલાના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કેમ્પમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રણજીતભાઈ ગીલીટવાલ, મ્યુ. સદસ્ય શ્રી શશીકાંતભાઈ દાળિયા, આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, ઝોનલ ઓફિસર શ્રી ડી.એમ જરીવાલા, આસી.આરોગ્ય અધિકારી શ્રી ડો.પી.એચ.ઉમરીગર, આસી.જંતુનાશક અધિકારી શ્રીમતી ગાયત્રીબેન જરીવાળાએ હાજર રહી તથા ડી.કે.એમ. હેલ્થ સેન્ટરનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

સદર કાર્યક્રમમાં કુલ ૩૩૮ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૧૫૭, ચામડીના રોગના ૨૦, ટી.બી.ના ૧૫, એ.આર.આઈ.ના ૬૫, **STD** ના ૨૫ તેમજ ડિસેન્ટ્રીના ૦૨ કેસો તપાસવામાં આવ્યા હતા. ૩૭ વ્યકિતઓને રસીકરણની સારવાર આપી બ્લડની ૭૧ સ્લાઈડ લેવામાં આવી. ૦૩ કોપર–ટી મુકવામાં આવી, ઓરલ પિલ્સના ૧૪ પેકેટ તથા ૩,૬૦૦ કોન્ડોમનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં **SEXUALLY TRANSMITTED DISEASE, RANTCP,** કુંટુબ નિયોજન વિશે આવનાર તમામ લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

**TOP**

## વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર રૂા.૧૦૭૩.૪૦ લાખના ખર્ચે સાકારિત ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ



વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર રૂા.૧૦૭૩.૪૦ લાખના ખર્ચે સાકારિત થનાર ફલાય ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે તા.૨૪–૦૯–૨૦૦૭નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે કરવામાં આવેલ. જે પુલ ૧૨ માસના ટૂંકા ગાળામાં તૈયાર કરવામાં આવનાર છે.

સુરત મહાનગર સેવાસદન દ્વારા સુરત શહેરમાં વિવિધ જગ્યાએ, નદી ઉપરના પુલો, ફલાય ઓવર બ્રિજ, ખાડી ઉપરના પુલો, રોડ ઓવર બ્રિજ તેમજ અંડર પાસનું બાંધકામ કરીને સુરત શહેરના ઝડપી વિકાસમાં અભૂતપૂર્વ કામગીરી કરેલ છે. ઉકત કામગીરીના ભાગરૂપે શહેરના સ્ટે. હા. નં.૧૬૭ એટલે કે વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રિજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગર સેવાસદન દ્વારા, વરાછા રોડ પર ચાર લેન ટ્રાફિકની પહોળાઈનો ભારતભરનો સૌથી લાંબો ફલાય ઓવર બ્રિજ બાંધવામાં આવેલ છે. જે શહેરને "ગોલ્ડન કોરીડોર" સાથે જોડે છે. આથી આ રોડ ઉપર "ગોલ્ડન કોરીડોર" નો ઉપયોગ કરનાર ટ્રાફિકની સરળતા અને સુવિધા માટે, બીજા ફલાય ઓવર બ્રિજ બનાવવા જરૂરી છે. જેનાં ભાગરૂપે નાના વરાછા ગામ પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રિજ બનાવવાનું કામ પ્રગતિમાં છે. આ ઉપરાંત કાપોદ્રા ફાયર સ્ટેશન જંકશન નજીક કોલેજ, સ્કુલ, પોલીસ સ્ટેશન તેમજ પેટ્રોલ પમ્પ આવેલ હોવાથી સવારના તેમજ સાંજના સમયે ઘણું ટ્રાફિકનું ભારણ રહે છે. આથી સદર જગ્યાએ પણ ફલાય ઓવર બ્રિજ બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનાં કારણે સ્કુલ અને કોલેજનાં વિદ્યાર્થીઓ તેમજ રાહદારીઓ જે હાલમાં ચાલુ ટ્રાફિકમાં રોડ ક્રોસીંગ કરે છે, તેમને સુરક્ષિત રોડ ક્રોસીંગ માટે સુવિધા રહેશે અને આ બ્રિજનાં બાંધકામથી અકસ્માત નિવારી શકાશે.



કાપોદ્રા ફાયર સ્ટેશન જંકશન પર ટ્રાફિકની સુવિધા અને સરળતા માટે રોડ લેવલ પર સબ–વે સહિતનો ૩–લેન(૧૨.૦૦ મી) પહોળાઈ, આશરે ૫૧૧.૦ મીટર લંબાઈ ધરાવતો મેઈન ફલાય ઓવર બ્રિજ, આશરે ૩૪.૦ મી. લંબાઈ, ૫.૦ મી. પહોળાઈ અને ૩.૦ મી. ઉચાંઈ ધરાવતો સબ–વે તેમજ ૬.૦ મી. પહોળાઈનો સુરત તરફનો રેમ્પ તથા ૧૫.૦ મી. પહોળાઈનો કામરેજ તરફનો રેમ્પ બનાવવામાં આવશે. જેનો ખર્ચ અંદાજે રૂા.૧૦.૭૩ કરોડ થશે. આ પ્રોજેકટ કેન્દ્ર સરકારની જે. એન.યુ.આર.એમ. સ્કીમ હેઠળ પણ આવરી લેવામાં આવેલ છે. આ ફલાય ઓવર બ્રિજને ૧૨ મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

આ પ્રસંગે અતિથિવિશેષશ્રી મા. ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. નેતાશ્રી શાસક પક્ષ  શ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારીગણ તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP

## "નિર્મળ ગુજરાત નિર્મળ સુરત" અંતર્ગત રાંદેરઝોન દ્વારા અડાજણ પાટિયા વોર્ડ નહેરૂનગર આંગણવાડી ખાતે મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના શહેર વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા શહેરી વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે અને રોગચાળો ન ફેલાય તે ધ્યાને લઈ જુદા જુદા વિસ્તારોમાં મેડીકલ કેમ્પ કરવાની સૂચના આપવામાં આવેલ. તદઅનુસાર મ્યુ.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં વિસ્તારમાં રોગચાળાની પરિસ્થિત ન ઉદભવે તે માટે તા.૨૨/૦૯/૦૭ના રોજ સુરત મહાનગર સેવા સદન રાંદેરઝોન દ્વારા અડાજણ પાટિયા વોર્ડ નહેરૂનગર આંગણવાડી ખાતે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. સુભાષનગર, નહેરૂનગર, નવી વસાહત, શીતલ ટોકિઝની પાળાની ચાલ, બાપુનગર ઝુપડપટ્ટી વિસ્તારના રહીશોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ઝોનલચીફશ્રી એમ.ડી.દારૂવાલા અને કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી એ અંગત રસ લઈ કાર્યક્રમ માટે સાથે સાથ–સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવેલ.

ઝોનના આસી.આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ, મેડીકલ ઓફિસરશ્રી ડો.શાંતિલાલ પટેલ, ડો.પી.કે.લાપસીવાલા તથા આરોગ્ય ખાતાના રસીકરણ, ફેમીલી પ્લાનીંગ, વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ અને સેનીટેશન વિભાગના કર્મચારીઓએ લોકોને આરોગ્ય શિક્ષણ અને રોગચાળા બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ.

લોકોને મચ્છરજન્ય થી ફેલાતો રોગો જેવાકે, મેલેરીયા, ડેન્ગ્યું, ચિકનગુનિયા બાબતે તેમજ લેપ્ટોસ્પાયરોસીસ વિશે સુંદર સમજ આપવામાં આવેલ.

જાતિયરોગો અને ટી.બી. વિભાગ દ્વારા લોકોને જરૂરી સલાહ સૂચન અને દોરવણી આપવામાં આવેલ.

TOP

## પૂર્વઝોન (વરાછા)ની શ્રી ગણેશજીની વિસર્જનની કામગીરી

અત્રેના પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં અનંત ચૌદસના પવિત્ર દિને શ્રી ગણેશજીની વિસર્જન પ્રક્રિયા ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. વરાછાના અનેકવિધ વિસ્તારમાં અનેક ધાર્મિક સંગઠનો દ્વારા સ્થાપિતશ્રી ગણેશ ભગવાનને લોકો દ્વારા દબદબાપૂર્વક ભવ્યરીતે ભકિતભાવપૂર્વક વિદાય આપવામાં આવી હતી. તમામ રસ્તાઓ અબાલ વૃધ્ધ માનવમેદનીથી છલકાઈ ગયા હતાં. સવારે ૯.૦૦ વાગ્યાથી મોડી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી વરાછા વિસ્તારમાં તાપી નદીના કિનારે આવેલ વિવિધ ઓવારાઓ પર મોટી સંખ્યામાં ભગવાનશ્રી ગણેશજીની મૂર્તીઓનું વિર્સજન સ્થાનિક યુવક મંડળોના સહયોગથી કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર અશ્વનીકુમાર વેધરાજ ઓવારા પર – ર૭૪, મહાપ્રભુજીની બેઠક ઓવારા પર ૭૮૦ મૂર્તીઓ મળી કુલ – ર૦પ૧ નાની મોટી મૂર્તીઓનું શ્રધ્ધાપૂર્ણ વાતાવરણમાં વિર્સજન કરવામાં આવ્યું હતું. આ તમામ પ્રક્રિયાઓમાં પૂર્વઝોન (વરાછા) નાં સ્ટાફ લાઈટ, આરોગ્ય એવી વિભિન્ન પ્રકારની આવશ્યક સેવાઓ ખડે પગે હાજર રહી પુરી પાડી હતી.

TOP

## સુરત મહાનગર સેવા સદન દ્વારા  કેન્દ્ર સરકારશ્રીની JNNURM  યોજના અંતર્ગત રૂા.૬૪.૫૭ કરોડના ખર્ચે ૪૦૩૨ આવાસો બનાવવાના પ્રોજેકટનું પ્રેઝન્ટેશન

સુરત શહેરને વધુ ખુબસુરત બનાવવાની સાથે શહેરની વિવિધ ઝુંપડપટ્ટીઓમાં વસતા પરિવારોને તમામ બાહ્ય સુવિધાયુકત મકાનો આપી શકાય તથા સુરત શહેરને "સ્લમ ફ્રી સીટી" બનાવવાના ભાગરૂપે સુરત મહાનગર સેવા સદન દ્વારા  કેન્દ્ર સરકારશ્રીની JNNURM  યોજનાના સબમીશન BSUP અંતર્ગત શહેરી ગરીબો  માટે આવસો તથા જે તે શહેરમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે કાર્યરત  કેન્દ્ર સરકારરશ્રીના JNNURM-BSUP યોજના હેઠળ પ્રોજેકટ મંજુર કરતી સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનીટરીંગ કમિટીની (CSMC) એક બેઠક તા.૨૬/૦૯/૦૭ના રોજ દિલ્હી ખાતે મળી હતી. બેઠકમાં સુરત મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણા દ્વારા સુરત શહેરના વેસુ, ભેસ્તાન, વડોદ, કતારગામ જેવા વિસ્તારમાં સુરત મહાનગર સેવા સદનને U.L.C એકટ હઠળ સરકારશ્રી તરફથી મળેલ જમીનો તેમજ ભેસ્તાન ખાતે સુરત મહાનગર સેવા સદનને ખરીદેલ જમીનમાં કુલ ૧૧ જગ્યાએ કુલ રકમ રૂા.૬૪.૫૭ કરોડના ખર્ચે ૪૦૩૨ આવાસો બનાવવાના પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન સાથે જ કમિટીએ આ પ્રોજેકટને  મંજુરી આપી છે અને ટુંક સમયમાં ઔપચારિક મંજુરી આપવામાં આવશે. રૂા.૬૪.૫૭ કરોડના આ પ્રોજેકટનો ૫૦% હિસ્સો કેન્દ્ર સરકાર, ૨૦% જેટલો હિસ્સો રાજય સરકાર આપશે. જયારે ૩૦% હિસ્સો સુરત મહાનગર સેવા સદન તથા આવાસોના લાભાર્થી મળીને ભોગવશે. જમીનની કિંમત તથા બાહય સુવિધાઓ અંતર્ગત થનાર ખર્ચ સુરત મહાનગર સેવા સદન ભોગવશે. આ આવાસો તૈયાર થતા ખાડી કિનારાના, તાપીતટ પરના, રસ્તામાં નડતરરૂપ, કેનાલ રસ્તામાં નડતરરૂપ તથા વિકાસના કામો માટે અનામત રખાયેલ સુરત મહાનગર સેવા સદનની જમીનમાં સ્થિત થયેલ ઝુંપડાવાસીઓને તમામ સુવિધાયુકત મકાનો આપી સ્થળાંતર કરવાનું શકય બનશે. આ નવા ડીટેલ્ડ પ્રોજેકટ રીપોર્ટની મળેલ મંજરુથી સુરત શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવાની દિશાને વેગ મળશે.

આ સાથે સુરતમાં કુલ રૂા.૫૬૦.૪૦ કરોડના ખર્ચે બંધાનાર ૪૨૧૧૬ આવાસોના ૭ (સાત) પ્રોજેકટોને કેન્દ્ર સરકારશ્રીએ મંજુરી આપી દીધેલ છે, જે પૈકી ૧૬૨૨૦ આવાસોના કામો પ્રગતિ હેઠળ છે, તથા ૧૪૧૬૦ આવાસો બનાવવાના કામ ટુંક સમયમાં શરૂ થનાર છે. આમ સુરત મહાનગર સેવા સદન દ્વારા કેન્દ્ર સરકારશ્રીની JnNURM-BSUP યોજના અંતર્ગત નવા રજુ થયેલ ડીટેઈલ્ડ પ્રોજેકટની મંજુરીની સાથે શહેરી ગરીબો માટે કુલ રકમ રૂા.૫૬૦.૪૦ કરોડના ખર્ચે ૪૨૧૧૬ જેટલા આવાસો બનશે.

TOP

## ''આંતરરાષ્ટ્રિય અહિંસા દિવસ'' વકતૃત્વ સ્પર્ધા (માધ્યમિક વિભાગ)

તા.૨ જી ઓકટોબર ૨૦૦૭, ના રોજ વિશ્વમાં ''આંતરરાષ્ટ્રિય અહિંસા દિવસ'' તરીકેની ઉજવણીના ઉપલક્ષમાં સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ તરફથી માધ્યમિક વિભાગની વકતૃત્વ સ્પર્ધા તા.૧લી ઓકટોબર ૨૦૦૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકના બદલે તા. ૨ જી ઓકટોબર ૨૦૦૭ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, લુર્ડઝ કોન્વેન્ટ સ્કૂલની સામે, અઠવાલાઈન્સ, સરુત ખાતે યોજાશે.

TOP

## રાષ્ટ્રીય કક્ષાનાં IUSP-2007 વર્કશોપ તથા પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાના સ્ટોલની મુલાકાતે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગના મા.મંત્રી શ્રી જયપાલ રેડ્ડી

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય તથા ઈન્ડિયા અર્બન સ્પેશ ફાઉન્ડેશનનાં સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાનાં IUSP-2007 વર્કશોપ તથા પ્રદર્શનનું એન. એસ. ઈ. ગ્રાઉન્ડ, ગોરેગાંવ, મુંબઈ ખાતે આયોજન કરવામાં આવેલ. તા.૨૭–૦૯–૨૦૦૭ થી તા.૩૦–૦૯–૨૦૦૭ સુધી ચાલનાર સદરહુ કાર્યક્રમમાં શહેરી વિકાસ અમલીકરણને લગતા વિવિધ વિષયો ઉપર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન સહીતના વર્કશોપ ઉપરાંત JnNURM પ્રોજેકટ હેઠળ આવરી લેવાયેલ વિવિધ નગરપાલિકા તથા મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ ક્ષેત્રે કરેલ કામગીરીનાં નિર્દેશન કરતી વિગતોનું પ્રદર્શન યોજાયેલ. આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા પણ "સીટી બુથ–સ્ટોલ" રાખીને ભાગ લેવામાં આવેલ.



સદરહુ પ્રદર્શનનું ઉદ્દઘાટન કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગના મા.મંત્રી શ્રી જયપાલ રેડ્ડી દ્વારા કરવામાં આવેલ. તેઓશ્રીએ ઉદ્દઘાટન બાદ તુરંત તેમના વિભાગના સચિવશ્રી સાથે સુરત મહાનગરપાલિકાના સ્ટોલની મુલાકાત લીધેલ. જયાં સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રીએ સ્ટોલમાં પ્રદર્શિત કરેલ વિગતો સહીત વિવિધ પ્રોજેકટની જાણકારી આપી મહાનગરપાલિકાના "સુરત સ્માઈલીંગ" ના થીમ આધારીત નિદર્શનની જાણકારી આપેલ.

TOP